
www.chipsairexp.com
પરદેશ પાર્સલ સર્વિસ
CHIPS
Express
chipsgnd@gmail.com
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૮૧ | ૨૩ ડિસેમ્બર, ૨૦૧૯, સોમવાર; માગશર વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# નાગરિકતા કાયદા મુદ્દે મુસ્લિમોને ભ્રમિત કરાય છે : મોદી

**નાગરિકતા કાયદા સાથે દેશના મુસલમાનોને કોઈ લેવા-દેવા નથી : ગુસ્સો મારી પર ઉતારો, દેશની સંપત્તિ, ગરીબો પર નહીં,સમસ્યાઓને લટકાવીને રાખવી અમારા સંસ્કાર નથી,નવા શરણાર્થીઓને સીએએનો લાભ નહીં મળે : અમે દિલ્હીની ગેરકાયદે કોલોનીઓને કાયદેસર કરી ત્યારે કોઈને તેમના ધર્મ વિશે નહોતું પુછ્યું,મારા માટે દેશના સામાન્ય નાગરિક મારા વીઆઇપી છે,હું લોકોના અધિકાર છિનવી રહ્યો છું એ જૂઠ છે,મારા વિકાસના કામોની આડે વિપક્ષોએ રોડા નાંખવાનું કામ કર્યું : વડાપ્રધાને રેલીમાં નવુ સૂત્ર આપ્યુઃ વિવિધતામાં એકતા એ ભારતની વિશેષતા છે**






નવીદિલ્હી, તા. ૨૨

નાગરિક સુધારા કાનૂનની સામે દેશભરમાં જારી હિંસક વિરોધ પ્રદર્શન વચ્ચે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીના ઐતિહાસિક રામલીલા મેદાનથી દેશભરના તમામ લોકોને સીધો સંદેશ આપ્યો હતો. નાગરિક સુધાર કાનૂનને લઈને હિંસા ઉપર ઉતરેલા તોફાની તત્વોને પણ મોદીએ ખુલ્લો પડકાર ફેંકીને લોકોને સાવધાન કર્યા હતા. સાથે સાથે મોદીએ કહ્યું હતું કે, નાગરિક સુધારા કાનૂન અને એનઆરસીના મુદ્દે લોકોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ કોંગ્રેસ, શહેરી નક્સલવાદીઓ અને અસામાજિક તત્વો દ્વારા કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે, ધર્મના નામ ઉપર મુસ્લિમોને ભ્રમિત કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. વર્તમાન

નાગરિક સુધારા કાનૂનને દેશમાં રહેતા ૧૩૦ કરોડ લોકોને કોઈ લેવા દેવા નથી. ૧૩૦ કરોડ લોકોની સુરક્ષાને લઈને કોઈપણ ભય નથી. બિનજરૂરી રીતે લોકોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. ધારણા પ્રમાણે જ મોદીએ આ રેલીમાં નામ લઈને વિરોધ પક્ષો ઉપર પ્રહાર કર્યા હતા. કોંગ્રેસ, એએપી, ડાબેરીઓ, ટીએમસી સહિતના પક્ષોની જોરદાર ઝાટકણી કાઢી હતી. બુદ્ધિજીવીઓ પોતાના શિક્ષણને માન આપીને આગળ વધે તે પણ જરૂરી હોવાની વાત મોદીએ કરી હતી. દિગ્ગજો દ્વારા મેળવવામાં આવેલા શિક્ષણને પણ બદનામ કરવાનું કામ કર્યું છે. મોદીએ દાવા સાથે કહ્યું હતું કે, પાકિસ્તાનને સંપૂર્ણપણે ખુલ્લુ પાડી દેવાની તક ભારતને મળી હતી પરંતુ બિનજરૂરીરીતે હોબાળો મચાવી દઈને કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષોએ આતંકવાદ, માનવ અધિકાર સહિતના મુદ્દા ઉપર પાકિસ્તાનને વિશ્વ સમક્ષ ખુલ્લુ પાડી દેવાની તક ગુમાવી દીધી છે. મોદીએ કહ્યું હતું કે, વિરોધ પક્ષો દ્વારા જુઠ્ઠાણા ફેલાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. જે લોકો કાગળ, સર્ટિફિકેટના નામ પર મુસ્લિમોને ભ્રમિત કરવાના પ્રયાસ કરી રહ્યા છે તેમને યાદ રાખવાની જરૂર છે કે, અમે ગરીબોની ભલાઈ માટે શરૂ કરવામાં આવેલી યોજનાઓના લાભાર્થીની પસંદગી કરવા ક્યારે પણ કાગળોની મર્યાદા મુકી નથી. કલ્યાણ યોજનાઓના લાભાર્થી હિન્દુ છે કે, મુસ્લિમ તે અંગે ક્યારે પ્રશ્ન કર્યા નથી.

● અનુસંધાન પાન-૭ પર

## મમતાને પણ આડે હાથ લીધા

મમતાદીદી તો સીધા યુએન પહોંચી ગયાં. પરંતુ આ જ મમતાદીદીએ થોડા વર્ષો પહેલા સંસદમાં ઊભા થઈને ગુહાર લગાવી હતી કે બાંગ્લાદેશથી આવતા ઘૂસણખોરોને રોકવામાં આવે. ત્યાંથી આવતા શરણાર્થીઓની મદદ કરવામાં આવે. સંસદમાં સ્પીકર તરફ કાગળો ફેંક્યા હતાં. મમતાદીદી તમને હવે શું થઈ ગયું. કેમ તમે અફવા ફેલાવી રહ્યાં છો, આટલા ડરેલા કેમ છો, બંગાળની જનતા પર ભરોસો કરો. બંગાળના નાગરિકોને તમે તમારા દુશ્મન કેમ માની લીધા.

## પોલીસ મદદ કરતી વખતે ધર્મ-જાતિને નથી જોતી : મોદી

મોદીએ કહ્યું,'પોલીસના જવાનોને તેમની ડ્યુટી કરતી વખતે હિંસાનો શિકાર થવુ પડી રહ્યું છે. તેમને મારવામાં આવી રહ્યા છે. પોલીસ વાળા કોઈના દુશ્મન નથી હોતા. દેશને ખબર નથી કે આઝાદી બાદ દેશમાં ૩૩ હજાર પોલીસ ભાઈઓએ શાંતિ અને સુરક્ષા માટે શહીદી વહોરી હતી. સામાન્ય માણસની રક્ષા કરવા માટે પોલીસવાળા શહીદ થયા અને આજે તમે એમને જ મારી રહ્યા છો. જ્યારે કોઈ સંકટ આવે છે, મુશ્કેલી આવે ત્યારે પોલીસ વાળા ધર્મ જોતા નથી. જેટલા જીવતા બચી શકે, તેમને કાઢવામાં સતત પ્રયાસો આ લોકો કરે છે. આ ૧૦૦ વર્ષ જૂની પાર્ટી શાંતિના બે શબ્દ કહેવા માટે તૈયાર નથી'.

## મોદીએ સંબોધનમાં શું કહ્યું

- વિવિધતામાં એકતા ભારત કી વિશેષતા
- દેશના વિરોધ પક્ષો લોકોને ગેરમાર્ગે કેમ દોરી રહ્યા છે. દેશના મુસ્લિમોને ગેરમાર્ગે કેમ દોરવામાં આવી રહ્યા છે
- પેપર અને સર્ટિફિકેટના નામ ઉપર લોકોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ કોંગ્રેસ અને વિરોધ પક્ષના લોકો કરી રહ્યા છે
- તેમનાથી નફરત છે તો વિરોધીઓ તેમના પૂતળા સળગાવી શકે છે પરંતુ ગરીબોને ટાર્ગેટ બનાવવા જોઈએ નહીં
- નાગરિક સુધારા બિલ પસાર કરનાર લોકસભા અને રાજ્યસભાનું સન્માન દરેકે કરવું જોઈએ
- સીએએ અંગે અફવા ફેલાવી રહેલા લોકોને સાવધાન થઈ જવાની જરૂર છે
- દિલ્હીમાં ગેરકાયદે કોલોનીને કાયદેસર બનાવતી વેળા નિર્ણય કરાયો ત્યારે કોઈ ધર્મ અંગે અમે ક્યારે પ્રશ્ન કર્યા નથી
- નાગરિક કાનૂન દેશમાં રહેતા મુસ્લિમો માટે કોઈપણરીતે નુકસાનકારક નથી
- હિન્દુ, મુસ્લિમ, શીખ અને અન્ય તમામ સમુદાયના લોકોને કલ્યાણ યોજનાઓના લાભ મળ્યા છે. લાભ આપતી વેળા કોઈના ધર્મની વાત કરવામાં આવી નથી
- ૧૩૦ કરોડ ભારતીયોને સીએબી સાથે કોઈ લેવા દેવા નથી. એનઆરસી અંગે પણ અફવા ફેલાવવામાં આવી છે. કોંગ્રેસના શાસન દરમિયાન આ બાબત બની હતી
- દેશમાં સુરક્ષા અને શાંતિ માટે ૩૩૦૦૦ પોલીસ જવાનો શહીદી વ્હોરી ચુક્યા છે. આજે તેમને નિર્દયતાપૂર્વક માર મારવામાં આવી રહ્યા છે. સમસ્યામાંથી લોકોને બહાર કાઢવા પોલીસે ક્યારે કોઈની જાતિ કે ધર્મની વાત કરી નથી
- છેલ્લા પાંચ વર્ષમાં સરકારે ગરીબો માટે દોઢ કરોડ મકાનો બનાવ્યા છે. ક્યારે પણ લાભ આપતી વેળા ધર્મ પુછવામાં આવ્યા નથી
- ગરીબોની ગરીબીને જોઈને સરકાર આગળ વધી છે
- સમસ્યાઓને અટકાવી રાખવાની અમારી પરંપરા રહી નથી
- દિલ્હીમાં રહેતા લોખો લોકો વર્ષોથી છેતરપિંડી, ઠગાઈ, બનાવટી રાજકીય વચનોના શિકાર થઈ રહ્યા હતા

# જયપુરમાં નાગરિકતા કાનુનના વિરોધમાં કોંગ્રેસની શાંતિપૂર્ણ કુચ

**શાંતિપૂર્ણ કુચમાં મુખ્યમંત્રી અશોક ગહેલોત જોડાયા : સીએએના સમર્થન અને વિરોધમાં રેલીઓ : બંગાળ, આસામ તેમજ મેઘાલયમાં સ્થિતિમાં સુધારો થયો : દેશના જુદા જુદા ભાગમાં હિંસામાં હજુ સુધી ૨૧ના મોત**

જયપુર, તા. ૨૨

નાગરિક સુધારા કાનૂનને લઈને રાજનીતિની રમત



જોરદારરીતે આગળ વધી રહી છે. હવે એકબાજુ નાગરિક સુધારા કાનૂનની વિરુદ્ધમાં અને બીજી બાજુ ભાજપ અને તેના સાથી પક્ષો દ્વારા કાનૂનની તરફેણમાં દેખાવો અને પ્રદર્શનની શરૂઆત થઈ ચુકી છે. નાગરિક કાનૂનની સામે ભડકેલી હિંસામાં હજુ સુધી ૨૧ લોકોના મોત થઈ ચુક્યા છે. એકલા ઉત્તરપ્રદેશમાં ૧૬ લોકોના મોત થયા છે જ્યારે આસામમાં પાંચ લોકોના મોત થઈ ચુક્યા છે. વિરોધ પ્રદર્શન હજુ પણ જારી છે. આજે રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહેલોતે જયપુરમાં શાંતિપૂર્ણ માર્ચ યોજી હતી. મોબાઈલ ઈન્ટરનેટ સર્વિસ બંધ રાખવામાં આવી છે. નાગરિક સુધારા બિલને લઈને જુદા જુદા ભાગોમાં વિરોધ પ્રદર્શન જારી હોવા છતાં સ્થિતિમાં સુધારો થયો છે.

બંગાળ, આસામ અને મેઘાલયમાં સ્થિતિ સુધરી છે. રાજસ્થાનના મુખ્યમંત્રી આજે વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## બેંક ખાતા ખોલવા ધર્મ અંગે જાણ કરવા કોઈ જરૂર નથી

**અફવાઓ બાદ ફાઈનાન્સ સેક્રેટરી દ્વારા જાહેરાત**

નવીદિલ્હી, તા. ૨૨

ભારતીય નાગરિકોને બેંક ખાતા ખોલાવવા માટે ધર્મની જાહેરાત કરવી પડશે તેને લઈને ચાલી રહેલી અફવાઓને સરકારે સ્પષ્ટપણે ફગાવી દીધી છે. નાણાં સચિવ રાજીવકુમારે આજે માહિતી આપતા કહ્યું હતું કે, આ પ્રકારના અહેવાલ બિલકુલ આધારવગરના છે. કેવાયસી હેતુ અને બેંક ખાતા ખોલવા માટે ધર્મની જાહેરાત કરવાની કોઈપણ પ્રકારની જરૂરિયાત રહેશે નહીં. કુમારે ટ્વિટ કરીને કહ્યું છે કે, ખાતા ખોલાવવા અથવા તો વર્તમાન બેંક ખાતાઓ માટે ધર્મની જાહેરાત કરવાની ભારતીય નાગરિકોને જરૂર પડશે તે પ્રકારથી આવી રહેલા અહેવાલો બિલકુલ આધાર વગરના છે. આ પ્રકારની અફવાઓમાં ન પડવા અને અફવા ન ફેલાવવા માટે રાજીવે તમામને અપીલ કરી છે.

# ઝારખંડમાં આજે મતગણતરી

રાંચી, તા. ૨૨

ઝારખંડમાં પાંચ તબક્કામાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીના પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે. મોટાભાગના એક્ઝિટ પોલમાં જેએમએમ અને કોંગ્રેસને લીડ દર્શાવવામાં આવી રહી છે. વાસ્તવિકતા આવતીકાલે સપાટી ઉપર આવનાર છે. ઝારખંડમાં કોની સરકાર બનશે તે ચિત્ર આવતીકાલે બપોર સુધી સ્પષ્ટ થઈ જાય તેમ માનવામાં આવે છે. રઘુવરદાસના નેતૃત્વમાં ભાજપ સરકાર તેની સત્તા ગુમાવે તેના સંકેત મળી રહ્યા છે. અલબત્ત પાંચ તબક્કામાં ઉંચુ મતદાન થયા બાદ કોની તરફેણમાં મતદાન થયું છે તેને લઈને આવતીકાલે ચિત્ર સ્પષ્ટ થશે. શાંતિપૂર્ણરીતે મતદાન પૂર્ણ થયા બાદ તમામ પક્ષો જીત માટેના દાવા કરી રહ્યા છે. ભાજપની પ્રતિષ્ઠા પણ દાવ ઉપર લાગેલી છે. જો કે, શાસનવિરોધી પરિબળના કારણે

● અનુસંધાન પાન-૭ પર

## ભાવભીની અંજલિ



સ્વ. કિર્તીભાઈ સુખડીયા



સ્વ. ચેતનભાઈ સુખડીયા

આપની અણધારી વિદાયથી
અમે ભારે આઘાત અનુભવીએ છીએ...
સરળતા અને સહયોગી સ્વભાવ
સ્મૃતિપટ પર ચિરંજીવ બની રહેશે...
ચિરશાંતિ માટે પરમતત્વને પ્રાર્થના....

કૃષ્ણકાન્ત જહા
અને
ગાંધીનગર સમાચાર પરિવાર

# સમગ્ર ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી

**હિમાચલ, કાશ્મીરમાં હિમવર્ષાથી બરફની ચાદર : વૈષ્ણોદેવી-આસપાસના વિસ્તારોમાં લોકો ઠંડીના પરિણામે મુશ્કેલીમાં રહ્યા : રાજસ્થાનમાં કાતિલ ઠંડીનું મોજુ ફેલાયું : જનજીવન ખોરવાયું**

નવીદિલ્હી, તા. ૨૨

સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનું મોજુ અકબંધ રહ્યું છે જેના પરિણામ સ્વરુપે ધુમ્મસના લીધે સેંકડો ફ્લાઈટોને માઠી અસર થઈ છે. અનેક ફ્લાઈટો રદ કરવી પડી છે. વિઝિબિલીટી દેશના જુદા જુદા ભાગોમાં ધુમ્મસના કારણે ઘટી જતાં અકસ્માતો પણ થયા છે. હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીર, અન્ય પહાડી રાજ્યોમા ભારે હિમવર્ષા યથાવતરીતે જારી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ હિમાચલના ઊંચાણવાળા વિસ્તારોમાં નવેસરથી હિમવર્ષા થઈ છે. લાહોલ-સ્પીતીમાં ભારે હિમવર્ષા થઈ છે.

આ ઉપરાંત ટ્યુરિસ્ટ વિસ્તાર ગણાતા મનાલી પણ કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. જમ્મુ કાશ્મીરમાં અનેક વિસ્તારોમાં વરસાદ અને હિમવર્ષાથી હાલત કફોડી બનેલી છે.


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225



CELEBRATING 150 YEARS OF MAHATMA'S IDEOLOGY

RENTIO
# ROUTINE Ka PROTEIN
Promise of Good Health for Over 85 Years